## બીલીમોરામાં સ્કોર્પિયોના કાફલાએ જીગ-જેગ કાર દોડાવી મચાવી ભારે ચકચાર




# ફિલ્મી સ્ટાઇલ 10 સ્કોર્પિયોના ખતરનાક સ્ટંટથી ભયનો માહોલ !

**શ્રદ્ધાના** ધામમાં સ્ટંટબાજોનો આતંક, સોમનાથ મંદિર પરિસરમાં ફિલ્મી સ્ટાઈલે સ્કોર્પિયોના ઝીરો ટર્ન સ્ટંટ,

10 મિનિટ સુધી મેદાનમાં સર્જાયો ફિલ્મી સીન; બાળકો અને શ્રદ્ધાળુઓ ભયના માર્યા ભાગ્યા



કેરસી બારીયા



બીલીમોરા : બીલીમોરાના સોમનાથ મંદિર મેદાનમાં બુધવાર બપોરે સ્કોર્પિયો કારના કાફલાના સ્ટન્ટની બનેલી ઘટનાએ શહેરમાં ચકચાર મચાવી દીધી હતી.

સોમનાથ મંદિર મુખ્ય પ્રવેશદ્વારથી અંદર જતા પરિસરમાં બુધવાર બપોરે કાળા કાચ ધરાવતી ૧૦ જેટલી સ્કોર્પિયો કારોમાં સવાર યુવાનોનું જૂથ એકાએક મેદાનમાં ઘૂસી આવ્યું હતું. અને ફિલ્મી અંદાજમાં ખતરનાક સ્ટંટ્સ શરૂ કરી દીધા હતા. મેદાનમાં હાજર લોકો સમજી શકે તે પહેલાં જ કારોને અતિશય ઝડપે દોડાવવામાં આવી હતી. યુવાનો દ્વારા કારને જીરો ટર્ન સાથે ગોળ ગોળ ફેરવતા ધૂળની ડમરીના ઘેરા વાદળો ઊડવા લાગ્યા હતા. આખું મેદાન ધૂળથી ઢંકાઈ ગયું હતું, જેના કારણે ત્યાં હાજર પ્રવાસીઓ, બાળકો અને સ્થાનિકોમાં ભયનો માહોલ સર્જાયો હતો. કેટલાક લોકો તો ભયભીત થઈને મેદાન છોડીને દૂર ભાગતા જોવા મળ્યા હતા. સદનસીબે પુરપાટ ઝડપે વાંકીચુકી ઝીગજેગ સ્ટાઇલમાં દોડતી કારોની એકમેક સાથે ટક્કર ન સર્જાતા અનહોની ટળી હતી.

આ સ્ટંટબાજી અંદાજે દસેક મિનિટ સુધી ચાલુ રહી હતી. જાહેર સ્થળે આવી રીતે બેદરકારીપૂર્વક વાહન હંકારીને સ્ટંટ કરવાથી કોઈ મોટી દુર્ઘટના સર્જાઈ શકે તેવી શક્યતા હતી, જેનાથી લોકોમાં ચિંતા ફેલાઈ હતી.

### પોલીસ પહોંચે તે પહેલાં ટોળકી રફુચક્કર

ઘટનાની જાણ થતાં જ બીલીમોરા પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી. પરંતુ ત્યાં સુધીમાં સ્ટંટ કરનારા યુવાનો પોતાની કાર હંકારીને સ્થળ પરથી નાસી છૂટ્યા હતા. પોલીસે સ્થળ પર પહોંચીને પરિસ્થિતિ કાબૂમાં લીધી હતી અને પ્રાથમિક તપાસ હાથ ધરી હતી. પોલીસ સૂત્રો મુજબ, જાહેર સ્થળે કોઈપણ પ્રકારની પરવાનગી લીધા વિના અને લોકોની સુરક્ષા જોખમમાં મૂકી આવી સ્ટંટબાજી કરનારા યુવાનોની ઓળખ માટે સીસીટીવી ફૂટેજ તેમજ સ્થાનિકો પાસેથી માહિતી એકત્રિત કરવામાં આવી રહી છે. જેમાં પોલીસ જણાવ્યું હતું કે એક નવી સ્કોર્પિયો કાર લેનાર યુવાન પોતાના મિત્રો સંગાથે મંદિરે દર્શન કરવા આવ્યા હોવાની જાણકારી મળી છે. તેમને પૂછપરછ માટે બોલાવ્યા છે. અમે સ્ટંટનો વિડીયો શોધી રહ્યાં છીએ. જે બાદ કાનૂની કાર્યવાહી કરાશે.

## ખૂંધના વેપારીઓ દ્વારા કેનાલમાં કચરો ઠલવાતા ગંદકી



ધર્મેશ પટેલ

■ ઘેજ : ચીખલીના ખૂંધ ગામના હાટ બજારમાં વેપારીઓ દ્વારા કેનાલમાં પ્લાસ્ટિકનો કચરો ઠાલવાતા ઠેર ઠેર ગંદકીનું સામ્રાજ્ય જોવા મળી રહ્યું છે. ખૂંધ ગામે દર બુધવારે ભરાતું હાટ બજાર આસપાસના ગામોના વેપારીઓ ચીજવસ્તુઓનું ખરીદી-વેચાણ માટે આવે છે. જોકે પર્યાવરણ અને સ્વચ્છતાની જાળવણીમાં વેપારીઓ સદંતર નિષ્ફળ રહ્યા છે. વેપારીઓ દ્વારા વસ્તુઓના પેકિંગ માટે વપરાતી પ્લાસ્ટિકની બેગો અને કચરાનો યોગ્ય નિકાલ કરવાને બદલે તેને કેનાલમાં ફેંકવામાં આવતા નજીકના સમયમાં જ ખેતી માટે કેનાલમાં પાણી છોડવાના સમયે પ્લાસ્ટિકનો જથ્થો જમા થતા આગામી સમયમાં સિંચાઈના પાણીમાં પણ અવરોધ ઉભો થાય તેવી ભીતિ સેવાઈ રહી છે. ત્યારે તંત્ર તેમજ સ્થાનિક પંચાયત દ્વારા કોઈ નક્કર પગલાં લેવામાં આવે તે જરૂરી બન્યું છે.

# યુવાન સાથે 3.50 લાખની લોનની લાલચે 99 હજારની છેતરપિંડી

**વાંસદાના** કૂકડા ગામમાં ટીવી પર લોન અપાવવાના બહાને ઠગબાજોએ નાણાં ટ્રાન્સફર કરાવી ફોન સ્વીચ ઓફ કરી દીધો

વાંસદાઃ વાંસદા તાલુકાના કૂકડા ગામે રહેતા એક યુવાનને લોન અપાવવાના બહાને વિશ્વાસમાં લઈ, સાયબર ગઠિયાઓએ રૂ. 99 હજાર પડાવી લીધા હોવાની ઘટના સામે આવી છે. આ અંગે યુવાને અજાણ્યા ઈસમો વિરુદ્ધ વાંસદા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા ચકચાર મચી ગઈ છે.

પોલીસ સૂત્રો પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર, મૂળ જૂનાગઢના વિસાવદરના વતની અને હાલ વાંસદાના કૂકડા ગામે નીચલા ફળિયામાં રહેતા નિલેશભાઈ પરસોત્તમભાઈ રાદડિયા પર ગત તા. 29/03/2026ના રોજ 'વિશાલ' નામના વ્યક્તિનો ફોન આવ્યો હતો. ફોન કરનારે અગાઉની મોબાઈલ લોનનો સંદર્ભ આપી નિલેશભાઈને નવી લોન લેવા માટે લાલચ આપી હતી. નિલેશભાઈએ રૂ. 3.50 લાખની લોનની જરૂરિયાત દર્શાવતા, ઠગબાજે જણાવ્યું હતું કે 85 ઈંચના સેમસંગ ટીવી પર આ લોન ઉપલબ્ધ થશે.

લોન મેળવવાની પ્રક્રિયાના ભાગરૂપે નિલેશભાઈએ તેમની પત્નીના દસ્તાવેજો મોકલ્યા હતા. ત્યારબાદ સામેવાળી વ્યક્તિએ લોન ડિપોઝિટના બહાને કટકે-કટકે નાણાંની માંગણી કરી હતી. નિલેશભાઈએ વિશ્વાસમાં આવીને હિતેશ પ્રજાપતિ નામના વ્યક્તિના ખાતામાં તેમજ અન્ય યુપીઆઈ આઈડી પર કુલ રૂ. 99,000 ઓનલાઈન ટ્રાન્સફર કર્યા હતા.

નાણાં મેળવ્યા બાદ ઠગબાજે 'એક કલાકમાં લોન થઈ જશે' તેમ કહી ફોન સ્વીચ ઓફ કરી દીધો હતો. પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ થતા નિલેશભાઈએ તુરંત સાયબર હેલ્પલાઈન 1930 પર સંપર્ક કર્યો હતો અને ત્યારબાદ વાંસદા પોલીસ મથકે વિશાલ તથા જે ખાતાઓમાં નાણાં ગયા છે તે તમામ સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આ મામલે ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# પારડી હાઇવે પર કારમાં ખોટી નંબર પ્લેટ લગાવી દારૂની હેરાફેરી

**પ્રોહિબિશન** પર મોટો ઘા, રૂપિયા 6.37 લાખનો ઈંગ્લીશ દારૂ જથ્થા સાથે એક ઝડપાયો, એક વોન્ટેડ



પારડી : ચૂંટણીને ધ્યાનમાં રાખીને કાયદો અને વ્યવસ્થા જાળવવા પારડી પોલીસે મહત્વની સફળતા મેળવી છે. પેટ્રોલિંગ દરમિયાન મળેલી બાતમીના આધારે પોલીસે દમણથી ગેરકાયદે રીતે લાવવામાં આવતો ઈંગ્લીશ દારૂનો મોટો જથ્થો પકડી પાડ્યો છે.

આર્મ પોલીસ કોન્સ્ટેબલ મનેષ વસાવા તથા હેડ કોન્સ્ટેબલ વજુ ટપુભાઈની ટીમે પારડી-વલસાડી ઝાપા બ્રિજ પાસે નેશનલ હાઇવે નં. 48 પર નાકાબંધી કરી શંકાસ્પદ કારને અટકાવી તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન સફેદ રંગની ટાટા પંચ કારમાંથી મોટી માત્રામાં ઈંગ્લીશ દારૂ અને વોડકાની બાટલીઓ મળી આવી હતી.

પોલીસે કારચાલક ભાવિકભાઈ અરવિંદભાઈ પટેલ (રહે. ઓલપાડ, સુરત) ને ઝડપી પાડ્યો છે. તેની પાસેથી કુલ 804 બોટલો (178.92 લીટર) ઈંગ્લીશ દારૂ, કાર, બે મોબાઇલ ફોન અને ખોટી નંબર પ્લેટ મળી કુલ રૂ.6,37,200નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

તપાસમાં સામે આવ્યું છે કે મયંક હરકિશન પટેલ નામનો અન્ય વ્યક્તિ પણ સંડોવાયેલો છે, જે હાલ વોન્ટેડ છે. બંનેએ પોલીસને ગેરમાર્ગે દોરવા માટે કાર પર ખોટી નંબર પ્લેટ લગાવી હતી અને દારૂની હેરાફેરી માટે પાયલોટિંગની વ્યવસ્થા પણ કરી હતી.

## ધરમપુરમાં જન્મદિવસે પાણીની 38 પરબ મુકવાનો સંકલ્પ

ધરમપુર : ધરમપુરમાં સેવાકીય કાર્ય માટે જાણીતા યુવાન ઋષિત મસરાણી દ્વારા તેમના 38મા જન્મદિવસ નિમિત્તે શ્રમિકો અને તરસ્યા લોકોને ધ્યાનમાં રાખીને ગરમીમાં લોકોની તરસ છીપાય તે માટે શહેરની 38 જાહેર જગ્યાઓ પર પાણીની પરબ મુકવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. ગત વર્ષે જન્મદિવસે 37 સ્વજનો સાથે દેહદાનનો સંકલ્પ લઈને સમાજમાં સેવા અને જાગૃતિનો સંદેશ આપ્યો હતો. આર્થિક રીતે સક્ષમ લોકો માટે પાણીની બોટલ ખરીદવી સરળ છે, પરંતુ ગરીબ અને મજૂર વર્ગના ઘણા લોકો માટે તે શક્ય નથી. આવી પરિસ્થિતિમાં મફત શીતળ પાણી ઉપલબ્ધ કરાવવાનો આ પ્રયાસ માનવતાની ઉત્તમ ભાવના વ્યક્ત કરે છે. આ પ્રકારની સેવા પ્રવૃત્તિ દ્વારા માત્ર તરસ બુઝાવવાનો પ્રયાસ જ નહીં, પરંતુ સમાજમાં સહાનુભૂતિ, સેવા અને પરોપકારનો સંદેશ પ્રસરી રહ્યો છે.

## દમણના દેવકા રોડ પર ઝાડમાં આગ ભભૂકી



■ દમણ : સંઘપ્રદેશ દમણના મરવડ દેવકા રોડ પાસે મંગળવારે રાત્રે એક રાવણતાડ નામના ઝાડમાં આગ લાગી હતી. ઝાડમાં આગ લાગ્યા બાદ હવાના જોરે આગ આખા ઝાડમાં પ્રસરતા આગની જ્વાળા અને તેમાંથી ઉડતા તણખલાઓને કારણે આખું ઝાડ આગની ચપેટમાં આવી જવા પામ્યું હતું. બનાવ અંગેની જાણ મરવડના રહીશોએ દમણ ફાયર વિભાગને કરતા સોમનાથ ફાયર વિભાગની એક ટીમ રાત્રે પહોંચી પાણીનો મારો ચલાવી ઝાડમાં લાગેલી આગ પર કાબુ મેળવવામાં સફળતા મેળવી હતી. આ વિસ્તારમાંથી પસાર થયેલી એક લગ્ન જાન વખતે ફોડવામાં આવેલા ફટાકડાઓના કારણે તેમાંથી નીકળેલા તણખાં રાવણતાડ ઝાડના સુકા પાંદડાઓમાં લાગતા આગ લાગી હોવાનું પ્રાથમિક તારણ ફાયર વિભાગ દ્વારા કાઢવામાં આવ્યું હતું.

## વાપીમાં ચલણી નોટના કેસમાં આરોપીના જામીન રદ

વાપી : વાપીમાં હરીયાપાર્કમાં નક્ષત્ર પેલેસ ફ્લેટમાં ૫૦૦ના દરની બનાવટી ચલણી નોટો છાપવાના પ્રકરણમાં પોલીસે ધરપકડ કરીને ચાર્જશીટ કર્યા બાદ જામીન ઉપર છૂટવા માટે વાપીની કોર્ટમાં કરેલી જામીન અરજી કોર્ટે ફગાવી દીધી હતી. આ કેસની વિગત એવી છે કે, વાપીના હરીયાપાર્કમાં નક્ષત્ર પેલેસ ફ્લેટ નં.૧૦૨માં પોલીસે ૫૦૦ના દરની બનાવટી ચલણી નોટ ૪૭૧૬ જેની કિંમત ૨૩,૫૮,૦૦૦ કબજે લીધી હતી. આ ફ્લેટ છાયાદેવી સુદેશ મંડલનો હોય તેમજ અન્ય આરોપી સંજય પવાર પાસે પોલીસે બનાવટી ચલણી નોટ છાપેલા કાગળ ૧૪૪ નોટ જેની કિંમત ૭૨૦૦૦ બતાવવામાં આવી હતી તે કબજે લીધી હતી. આ સાથે કુલ રૂપિયા ૨૪,૩૦,૦૦૦ ખોટી ચલણી નોટ સાથે પાલીસે પકડેલા આરોપીઓ પૈકી છાયાદેવી સુદેશ મંડલની ચાર્જશીટ થઈ ગયા બાદ જામીન મેળવવા વાપીની કોર્ટમાં અરજી કરી હતી. વાપીના એજીપી રાકેશ ચાંપાનેરીયાની દલીલને ગ્રાહ્ય રાખી વાપીની થર્ડ એડિશનલ ડિસ્ટ્રીક્ટ કોર્ટના જજ પુષ્પાબેન સૈનીએ જામીન અરજી નામંજૂર કરતો હુકમ કર્યો હતો.

## વેચાણ અંગેની જાહેર નોટીશ

જત હમારા અસીલશ્રીની સુચના અને ફરમાઈશ થયેથી જણાવવાનું કે :- જી.નવસારી, તા.નવસારીના મોજે મોગાર ગામના ખાતા નં.૮૬૪ ના બ્લોક/સર્વે નં.૬૧/૨, ક્ષેત્રફળ ૦-૧૩-૧૫ હે.આરે.ચો.મી. પૈકી ૦-૦૬-૫૭૫ હે.આરે.ચો.મી., આકાર રૂા.૧.૬૨ પૈસા વાળી ખેતીની જમીન રાજેશકુમાર ગોરધનભાઈ ટાંક, રમેશચંદ્ર ભીમજીભાઈ ગોહેલ, અશોકભાઈ પરષોત્તમભાઈ મનાણી વિગેરેનાઓના સંયુક્ત નામે ચાલી આવેલ છે. સદર જમીનના માલિકો પૈકી રાજેશકુમાર ગોરધનભાઈ ટાંક, રમેશચંદ્ર ભીમજીભાઈ ગોહેલ, અશોકભાઈ પરષોત્તમભાઈ મનાણીનાઓએ સદર જમીન પૈકી પોતાના વણવહેંચાયેલા હિસ્સાની જમીન હમારે અસીલને ચોખ્ખા અને માર્કેટેબલ ટાઈટલ હોવાની જણાવી વેચાણ આપવાનું નક્કી કરેલ છે. તેમજ વેચાણ દસ્તાવેજને લગતી કાર્યવાહી ટૂંક સમયમાં કરી લેનાર છે આથી આ જાહેર નોટીસથી લાગળા-વળગતા તમામને જણાવવાનું કે ઉપરોક્ત મિલકત અન્વયે કોઈનો કોઈપણ જાતની સોદા-ચિઠ્ઠી, કોઈપણ જાતનું લખાણ કે કરાર કરવામાં આવેલ હોય તથા કોઈપણ વ્યક્તિ ઈસમ કે સંસ્થાનો લાગ-ભાગ, હક્ક-હિત-હિસ્સો, ચાલી આવેલ હોય તો તે અંગેના લેખિત પુરાવા સહિત દિન-૧૦ (દસ) માં હમોને નીચે દર્શાવેલ સરનામે જાણ કરવી. મુદત દરમ્યાન આવી જાણ કરવામાં આવશે નહીં કે, ખાતરી આપવામાં આવશે નહીં તો હરકોઈનો મજકુર મિલકતમાં કોઈપણ જાતનો હક્ક-હિત-હિસ્સો, લાગ-ભાગ કે બોજો કે દર-દાવો નહીં હોવાનું અને હોય તો તે છોડી દીધો હોવાનું ગણાશે અને હમારા અસીલ ઉપર જણાવેલ મિલકતના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અંગેની કાર્યવાહી પૂર્ણ કરાવી લેશે જેની લાગતા-વળગતાઓએ નોંધ લેવી.

મારી સૂચના મુજબ
તા. ૨૨-૦૪-૨૦૨૬

મારી મારફત, **પિયુષ પી. રાઠોડ**
(તે ખરીદ કરનારના એડવોકેટ)

રહે. આમડપોર, તા. જી. નવસારી-૩૯૬૪૪૫. મો. ૮૮૬૬૫૪૧૪૬૩

## -:: વેચાણ અંગેની જાહેર નોટીશ ::-

આથી આ જાહેર નોટીશ રૂએ લાગતા વળગતા તમામને જણાવવામાં આવે છે કે, નીચેના "શિડયુલ" માં જણાવેલ મીલ્કત સરકારી રેકર્ડ દફતરે જાગૃતિ દિનેશ દેસાઈ તે તેજસ દેસાઈની પત્ની, ઠેકાણું : ૩૩૬૩, બાહ્મણ ફળીયા, ટીચર સોસાયટીની નજીક, કિલ્લા પારડી, પારડી, તા. પારડી, જી. વલસાડ નાઓના નામ ઉપર માલીકી હક્કે ચાલી આવેલ છે. અને સદર મીલ્કત કલીયર અને માર્કેટેબલ હોવાનુ જણાવી તેઓએ હમારા અસીલને વેચાણ આપવા નક્કી કરેલ છે.

જેથી નીચેના "શિડયુલ" માં જણાવેલ મીલ્કત અંગે કોઈનો કોઈપણ પ્રકારનો લાગ, ભાગ, દર દાવો, હકક, હીસ્સો કે અન્ય પ્રકારના પ્રત્યક્ષ કે પરોક્ષ હકક દાવાઓ હોય, તેવા ઈસમોએ આ નોટીસ પ્રસીધ્ધ થયે દિન-૭ (સાત) માં હમારો યોગ્ય પુરાવાઓ સાથે સંપર્ક કરવો અને એ ઉપયુક્ત સમય મર્યાદા દરમ્યાન કાંઈ વાંધાઓ મળી આવશે નહીં તો તેવે વખતે હમારૂ માનવું રહેશે કે જે તે ઈસમોએ તેમના હકક દાવાઓ હમારા અસીલની તરફેણમાં સરન્ડર યાને ત્યજી દીધેલા છે. અને ત્યારબાદ હમારા અસીલ સદર મીલ્કતનો કાયદેસરનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ સદર મીલ્કતના માલીક પાસેથી કરાવી લેશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ગ્રાહય રાખવામાં આવશે નહી. જેની આ નોટીશ રૂએ લાગતાં વળગતાઓએ નોંધ લેવી.

-:: શિડયુલ :: -

વલસાડ ડીસ્ટ્રીકટના રજીસ્ટ્રેશન સબ ડીસ્ટ્રીકટ વાપી તાલુકાનાં મોજે "ચલા" મધ્યે આવેલ રહેઠાણ લાયક બિનખેતીના...

| પ્લોટ નંબર | સિટી સર્વે નંબર | ક્ષેત્રફળ ચો.મી.માં | સત્તા પ્રકાર |
|---|---|---|---|
| ૨૪ | NA૩૩૪/અ/૧પૈકી+૩૩૭/અ/૧પૈકી/૨૪ | ૩૩૪.૮૯ | 'સી' |

ના ક્ષેત્રફળવાળી જમીન મીલકત તથા તેમાં ઝાડ-બીડ તથા તેમાં જાવ-આવ કરવાના રસ્તાના વપરાશના હકકો સહિત તેને લગતા, લાગતા, વળગતા તમામ પ્રકારના હકકો સહીત વાળી મીલકત.

**મુકેશ એમ. ઠુમર (એડવોકેટ)** મો.નં. ૯૮૨૫૧૪૫૦૮૫
ઓફીસ નં.૧૦૮, પહેલા માળે, નક્ષત્ર પ્લાઝા, સબ-વે ની ઉપર, ને.હા.નં. ૮, વાપી-૩૯૬ ૧૯૧.


